# આતંકવાદ અને આયોજિત અપરાધનો સામનો કરવા ભારત-ઇટલી સંયુક્ત કાર્યકારી જૂથની 5 મી બેઠક

17 જાન્યુઆરી, 2025

16-17 જાન્યુઆરી, 2025 ના રોજ આતંકવાદ અને આયોજિત અપરાધનો સામના કરવા ભારત-ઇટલી સંયુક્ત કાર્યકારી જૂથ (JWG) ની 5 મી બેઠક ઇટલીના રોમમાં યોજવામાં આવી હતી.

2. આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારત તરફથી વિદેશ મંત્રાલયમાં આતંકવાદ-વિરોધ માટે સંયુક્ત સચિવ, શ્રી કે. ડી. દેવલ અને ઇટલી તરફથી ઇટલીના વિદેશ મંત્રાલયમાં રાજકીય બાબતોના વરિષ્ઠ નાયબ નિયામક અને સુરક્ષા નિયામક શ્રી એલેસેંડ્રો અઝોનીએ કરી હતી.

3. બંને પક્ષોએ ઉભરતા સ્થાનિક, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય આતંકવાદી જોખમો પર ચર્ચા કરી અને આતંકવાદ તેમજ આંતરરાષ્ટ્રીય આયોજિત અપરાધો સામે સહયોગના વિશાળ ક્ષેત્રો પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

4. આતંકવાદી હેતુઓ માટે ટેક્નોલોજીના દુરુપયોગનો અસરકારક રીતે સામનો કરવા માટે સહકાર વધારવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, બંને પક્ષોએ જોખમને રોકવા અને ઘટાડવા પોતાનો અનુભવ શેર કર્યો. તેમણે આતંકવાદી કૃત્યો માટે જવાબદાર લોકો સામે અસરકારક કાર્યવાહીના મહત્વ પર પણ ભાર મૂક્યો.

5. બંને વ્યૂહાત્મક ભાગીદાર દેશો વચ્ચેના સંવાદમાં UN, GCTF અને FATF સહિત બહુપક્ષીય મંચ પર સહકારને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. બંને પક્ષોએ વિવિધ દ્વિપક્ષીય કરારો પર ચાલુ વાટાઘાટોને આગળ વધારવાની રીતો અને માધ્યમો પર પણ ચર્ચા કરી હતી.

6. ભારતીય પ્રતિનિધિ મંડળ ઇટલીના કેસર્ટામાં ઇન્ટર-એજન્સી લૉ એન્ફોર્સમેન્ટ એકેડમીના અધિકારીઓને પણ મળ્યું અને ભારતમાં એકેડમી અને સમકક્ષ સંગઠન વચ્ચે ક્ષમતા નિર્માણનાં પગલાંને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી.

7. બંને પક્ષો દિલ્હીમાં એકબીજા માટે સુવિધાજનક તારીખે સંયુક્ત કાર્યકારી જૂથની આગામી બેઠક યોજવા માટે સંમત થયા.

નવી દિલ્હી

17 જાન્યુઆરી, 2025